ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## "૧૧મો પદવીદાન સમારંભ–ડીગ્રી ફોર્મ અંગે"

કચ્છ યુનિવર્સિટી દ્વારા આગામી ફેબ્રુઆરી –૨૦૨૨મા યોજાનાર ૧૧માં પદવીદાન સમારોહ માટે ડીગ્રી ફોર્મ ભરવા અંગેની તારીખો નીચે મુજબ છે. ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓએ ડીગ્રી ફોર્મ ભરવા નીચે દર્શાવેલ સૂચના ખાસ ધ્યાને લીધા બાદ જ વિદ્યાર્થીને પોતાને લાગુ પડતી પધ્ધતિ મુજબ જ ફોર્મ ભરવું .

(૧) કચ્છ યુનિવર્સિટીમાંથી વર્ષ – ૨૦૨૧ સુધીમાં સ્નાતક કે અનુસ્નાતક થયેલ હોય તેવા ડીઝીટલ (ફોટાવાળી) માર્કશીટ ધરાવનાર તમામ વિદ્યાર્થીઓ કચ્છ યુનિવર્સિટીની વેબ સાઈટ www.kskvku.ac.in પરથી ઓનલાઈન ડીગ્રી ફોર્મ નીચે દર્શાવેલ તારીખો મુજબ ભરી શકશે.

(૨) જે વિદ્યાર્થીઓ નોન ડીજીટલ પધ્ધતિમાં સ્નાતક કે અનુસ્નાતકની પરીક્ષા પાસ કરેલ હોય કે જેઓની માર્કશીટ ફોટો વાળી ન હોય તેવા તમામ નોન ડીજીટલ વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી શાખા ખાતે રૂબરૂમા ડીગ્રી ફોર્મ ભરવાના રહેશે.

(૩) એમ.ફીલ. તથા પીએચ.ડી.નો અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ અને ઈન્ટીગ્રેટેડ કોર્ષમાં જે વિદ્યાર્થીઓએ M.B.A. કે M.Sc. (CA&IT) નો ૫ વર્ષનો અભ્યાસ કરેલ હોય પરંતુ તેઓ ૩ વર્ષ કોર્ષ ની B.B.A. કે B.Sc. CA&IT ની ડીગ્રી મેળવવા ઈચ્છતા હોય કે M.B.A. કે M.Sc. (CA&IT)ના પાંચ વર્ષના અભ્યાસમાં માત્ર ૩ વર્ષ સુધીનો અભ્યાસ કરેલ હોય અને ડીગ્રી મેળવવા ઈચ્છતા હોય તેવા તમામ વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી શાખા ખાતે રૂબરૂમાં ડીગ્રી ફોર્મ ભરવાના રહેશે.

(૪) LL.B. નો અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ કે જેઓની માર્કશીટ ડીજીટલ છે અને જેઓ ૩ વર્ષની Special ડીગ્રી મેળવવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે તથા આજ કોર્ષમા ૨ વર્ષની General ડીગ્રી મેળવવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ વિદ્યાર્થી શાખા ખાતે રૂબરૂમાં ડીગ્રી ફોર્મ ભરવાના રહેશે.

(૫) જે વિદ્યાર્થીઓએ અન્ય યુનિવર્સિટી માથી પ્રથમ/ દ્વિતીય વર્ષ પૂર્ણ કરીને કચ્છ યુનિવર્સિટીમા એડમીશન લઈ તેમનો કોર્ષ પૂર્ણ કરેલ હોય તેવા તમામ ડીજીટલ વિદ્યાર્થીઓએ પણ વિદ્યાર્થી શાખા ખાતે રૂબરૂમાં ડીગ્રી ફોર્મ ભરવાના રહેશે.

<u>ખાસ સૂચના :–</u> જે વિદ્યાર્થીઓને કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થી શાખા રૂમ નં ૧૧૪મા રૂબરૂમાં ફોર્મ ભરી જમા કરવાના થાય છે તે તમામ વિદ્યાર્થીઓ ફકત પોતાનું જ ફોર્મ ભરી શકશે અન્યથા ફોર્મ માન્ય રાખવામાં આવશે નહી તથા ફોર્મ ભરવા આવેલ તમામ વિદ્યાર્થીઓએ ડીગ્રી ફોર્મ સાથે પાસ/ફેઈલની તમામ અસલ માર્કશીટ તથા તમામની એક એક ઝેરોક્ષ નકલ અને તાજેતરના ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા જોડવાના રહેશે, તથા વિદ્યાર્થીઓએ તેમનું અસલ આઈ.ડી.પ્રુફ સાથે રાખવાનું રહેશે. અગાઉ જેમણે ડીગ્રી મેળવેલ હોય તેઓએ ઓનલાઇન/ઓફલાઇન અરજી કરવાની રહેશે નહી. જુની ડિગ્રીમાં કોઇપણ પ્રકારનો સુધારો જણાય તો રૂબરૂમાં યુનિવર્સિટીના રૂમ નં ૧૦૮નો સંપર્ક કરવાનો રહેશે.

<u>સ્થળ :– (કચ્છ યુનિવર્સિટી, વિદ્યાર્થી શાખા, રૂમ નં.૧૧૪)</u>

<u>રૂબરૂમા ફોર્મ ભરવાનો સમય :– (સવારે૧૧.૦૦ થી ૨.૦૦ અને બપોરે ૩.૦૦ થી ૩.૪૫)</u>

<u>ડીગ્રી ફોર્મ ભરવાની તારીખ :–</u>

૧) તા.૨૨/૧૧/૨૦૨૧ થી તા.૧૬/૧૨/૨૦૨૧ રૂા.૫૦૦/– ફી સાથે )

૨) તા.૧૭/૧૨/૨૦૨૧ થી તા.૨૧/૧૨/૨૦૨૧ રૂા.૬૦૦/– લેઈટ ફી સાથે)

તા.૧૬/૧૧/૨૦૨૧

કુલસચિવ

-sd-